<u>પેન્શનના લાભો :</u>

રૂપાંતરિક ગ્રામ અને નગર પંચાયતોના રાજીનામુ આપનાર એલોકેટેડ કર્મચારીઓને આપવા બાબત..

ગુજરાત સરકાર
પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ
ઠરાવ ક્રમાંક:નપમ/૧૦૮૬/૩૨૧૨/૮૮/ક
સચિવાલય,ગાંધીનગર.
તા. ૨૫મી ડિસેમ્બર, ૧૯૮૮.

<u>વંચાણમાં લીધા :-</u>

૧. પંચાયત વિભાગનો તા. ૧૭/૧૦/૮૩નો ઠરાવ ક્રમાંક: નપમ/૧૦૮૩/૧૩૩૦/ક.૧
૨. પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૧૦/૩/૮૪નો ઠરાવ ક્રમાંક: નપમ/૧૦૮૩/૧૩૩૦/ક.૧
૩. પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૨૩/૪/૮૫નો ઠરાવ ક્રમાંક: નપમ/૧૦૮૩/૧૩૩૦/ક.૧.
૪. પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૪/૨/૮૭નો પત્ર ક્રમાંક: નપમ/૧૦૮૬/૪૪૦૯/ક.૧.

<u>ઠરાવ :-</u>

નામ.સર્વોચ્ચ અદાલતના ગુજરાત રાજ્ય અને બીજાઓ વિરૂધ્ધ શ્રી આર.કે.સોની અને બીજાઓના કેસમાં આપેલ ચુકાદાને અનુલક્ષીને ગુજરાત પંચાયત અધિનિયમ,૧૯૬૧ ની કલમ-૩૦૭ હેઠળ સુધરાઈમાંથી રૂપાંતર પામેલી ગ્રામ અને નગર પંચાયતોના મૂળભૂત સુધરાઈના કર્મચારીઓ કે જેઓ સુધરાઈનું ગ્રામ/નગર પંચાયતમાં રૂપાંતર થયા બાદ પણ તા.૧૧/૨/૬૯ના રોજ નોકરીમાં ચાલુ હોય અને ત્યારબાદ નિવૃત્ત થયા હોય ~~અને ત્યારબાદ નિવૃત્ત થયા હોય~~ કે અવસાન પામેલ હોય તેમને રાજ્ય સરકારની પેન્શન યોજના લાગુ પાડવાના હુકમો આમુખમાં દર્શાવેલા તારીખ.૧૭/૧૦/૮૩ના ઠરાવથી કરવામાં આવેલા છે.

૨. ઉપરોકત તા.૧૭/૧૦/૮૩ના ઠરાવનો લાભ ઉપર જણાવેલા કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓએ નિવૃત્તિ વયે પહોંચ્યા પહેલાં પરંતુ તા.૧૧/૨/૬૯ બાદ નોકરીમાંથી રાજીનામુ આપેલ હોય તેમને પણ આપવા રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત થયેલ હતી, જેનો આમુખમાં દર્શાવેલા તા.૪/૨/૮૭ના પત્રથી અસ્વિકાર કરવામાં આવેલ હતો.

૩. આ સમગ્ર પ્રશ્ન અંગે રાજ્ય સરકારે પુનઃ વિચારણા કરેલ છે અને નીચેની શરતોને આધિન રહીને આવી રૂપાંતરીત ગ્રામ અને નગર પંચાયતના જુની સુધરાઈ સમયના જે

કર્મચારીઓએ તા. ૧૧/૨/૬૯ બાદ નોકરીમાંથી રાજીનામું આપેલ હોય તેમણે ઉપરોક્ત તા. ૧૯/૧૦/૮૩ ના ઠરાવનો લાભ આપવા નિર્ણય કરેલ છે.

(૧) આ લાભ જૂનો ગુજરાત સેવામાં હોય તેવા કર્મચારી જે તે રૂપાંતરિત ગ્રામ/નગર પંચાયતમાં તા. ૧૧/૨/૬૯ના રોજ નોકરીમાં કોઈપણ પ્રકારનો તુટ સિવાય ચાલુ હોય અને ત્યારબાદ રાજીનામું આપેલ હોય તેવા પૂર્ણકાલિન કર્મચારીઓને મળશે.

(૨) આ લાભ જે રૂપાંતરિત ગ્રામ/નગર પંચાયતના કર્મચારીઓનો સેવાની શરતો અંગેનો નિયમોમાં નિવૃત્ત થવાની વયમર્યાદા નક્કી કરાયેલ ન હોય અને તેમને ઉંમરને કારણે થતી અશક્તિને કારણે સેવામાંથી રાજીનામું આપવાનું કે નિવૃત્તિ લેવાનું બન્યુ હોય તેવા કર્મચારીઓને મળશે.

(૩) જે કિસ્સામાં વર્ગ-૪ ના કર્મચારીઓએ ૬૦ વર્ષની વય બાદ અને તે સિવાયના અન્ય કર્મચારીઓએ ૬૦ વર્ષની વય બાદ અને તે સિવાયના અન્ય કર્મચારીઓએ ૫૮ વર્ષની વય બાદ રાજીનામું આપેલ હશે તેવા કિસ્સામાં ૬૦ કે ૫૮ વર્ષ પુરા કર્યાની તારીખે તેમની પેન્શનપાત્ર નોકરી ગણતરીમાં લઈને તે મુજબ મળવાપાત્ર પેન્શન અને ગ્રેચ્યુઈટી ચુકવવાના રહેશે અને ત્યારબાદ પછીની નોકરીને પુનઃ નિયુક્તિ ગણીને આ વિભાગના તા. ૭/૮/૮૬ના ઠરાવ ક્રમાંક: નપમ/૨૯૮૫/૨૯૫૭/૮૬/ક.૧ ની જોગવાઈ પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

(૪) ઉપર દર્શાવ્યા મુજબના કર્મચારીઓએ આમુખમાં દર્શાવેલા તારીખ : ૭/૩/૮૭ના ઠરાવ સાથે જોડેલ નમુના મુજબનો વિકલ્પ આ હુકમો થયાની તારીખથી ત્રણ માસમાં આપવાનો રહેશે અને એકવાર આપેલ વિકલ્પ આખરી ગણાશે અને તેમાં ફેરફાર કરવાની કોઈ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિં.

(૫) જે કર્મચારી પેન્શન માટે વિકલ્પ આપે તેણે પંચાયતે સી.પી.એફ.યોજના દાખલ કરેલ હોય તો તે યોજના હેઠળ મળેલ સી.પી.એફ.ની રકમ પૈકી પંચાયતના ફાળાની રકમ તથા તે પર દર વર્ષે જમા થયેલ વ્યાજની રકમ રાજ્ય સરકારમાં "૮૦૧૧-વીમા અને પેન્શન-૧૦૬-બીજા વીમા અને પેન્શન ફંડ-બીજી આવકો" સદર હેઠળ જમા કરાવવાની રહેશે તેમજ પંચાયતમાં

ગ્રેજ્યુઈટી યોજના હોય અને તે યોજના હેઠળ ગ્રેજ્યુઈટી મળેલ હોય તો તે રકમ પણ ઉપરોક્ત સદર હેઠળ જમા કરાવવાની રહેશે. આ રીતે જમા કરાવેલ રકમનું અસલ ચલણ પેન્શનના કાગળો સાથે જિલ્લા પંચાયતમાં રજુ કરવાનું રહેશે.

(૯) ઉપરોક્ત પેટા ફકરા(૫) હેઠળ ભરપાઈ કરવાની થતી રકમ કોઈ કર્મચારી આર્થિક સ્થિતિને કારણે ભરપાઈ કરી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં તેણે આ રકમ તેને મળવાપાત્ર થતી પેન્શન તથા ગ્રેજ્યુઈટીના એરીયર્સની રકમમાંથી સરભર કરવા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને અરજી કરવાની રહેશે અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી એ તેવી અરજી ઉપર ગુણદોષના આધારે નિર્ણય લેવાનો રહેશે.

(૧૦) ઉપર દર્શાવેલ કર્મચારીઓના પેન્શન કેસો અંગે આમુખમાં દર્શાવેલા તા. ૧૭/૪/૮૩ના ફકરા-૨ ના પેટા ફકરા-(૨)થી (૧૨)માં દર્શાવેલ તમામ જોગવાઈઓ લાગુ પડશે.

૪. આ ઠરાવ આ વિભાગની ફાઈલ ક્રમાંક: નપમ/૧૦૮૬/૧૯૯૯/ક પરની નાણા વિભાગની તા.૫/૧૨/૮૮ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રમણ આર્ય
સેકશન અધિકારી
પંચાયત,અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ.

પ્રતિ,
[illegible]

૧) એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ.
૨) વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. ( ૫ - નકલો)
૩) નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૪) સચિવશ્રી ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
૫) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬) નાણાકીય સલાહકારશ્રી, પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૭) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ( ડાંગ અને ગાંધીનગર સિવાય )

૮) સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી,

૯) સર્વે રૂપાંતરિત ગ્રામ / નગર પંચાયતોના સરપંચશ્રી/ સભાપતિશ્રી.

૧૦) સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ,
( ડાંગ અને ગાંધીનગર સિવાય )

૧૧) વિભાગની સર્વે શાખાઓ ( ક- શાખા સિવાય )

૧૨) સિલેક્ટ ફાઈલ.